# ચાર્નવુડ માટે રીસાઈક્લ કરો

Recycle for Charnwood (Gujarati)




# 1લી ઓગસ્ટથી

**તમારી લાલ અને લીલી બેગોને**
**બદલે જાંબુડિયા રંગની બેગોનો ઉપયોગ કરવામાં આવશે!**

લીલી અને લાલ બેગોને બદલે જાંબુડિયા (પર્પલ) રંગની બેગોનો ઉપયોગ કરવામાં આવશે

ખૂબજ મહત્વના સમાચાર! લાલ અને લીલી બેગોમાં લઈ જવામાં આવતી વસ્તુઓની રીલાઈક્લિંગ સેવા વિશેના તમારા અભિપ્રાયો અને તમારી ટીકાઓ પર અમે ધ્યાન આપ્યું છે, અને 1લી ઓગસ્ટથી તમે ફક્ત એકજ રંગીન બેગનો ઉપયોગ કરી શકશો. હવે તમારે કાગળ અને પૂઠાંથી ધાતુ અને પ્લાસ્ટિક જુદા પાડવાની જરૂર નથી - બધું હવે એક જ બેગમાં મૂકી દેશો.

બેગોમાં લઈ જવામાં આવતી વસ્તુઓની રીસાઈક્લિંગ સેવા માટે અમે હવે ફક્ત તમને જાંબુડિયા (પર્પલ) રંગની બેગો જ આપી જઈશું. તમારી પાસે વધેલી લાલ અને લીલી બેગો ખલાસ ન થાય ત્યાં સુધી રીસાઈક્લ કરવાની વસ્તુઓ માટે તેનો ઉપયોગ ચાલુ રાખશો.

આ પત્રિકા રીસાઈક્લ કરેલ કાગળ પર છાપવામાં આવી છે જે તમારા ન્યૂઝપેપર અને મેગેઝિન સાથે રીસાઈક્લ થઈ શકશે.

Charnwood
Leading in Leicestershire

ROYAL MAIL

POSTAGE PAID GB
Gloucester 854

# ચાર્નવુડનો સંપર્ક કરવાનો નંબર 01509 634 563

www.charnwood.gov.uk **cleaner.greener@charnwood.gov.uk**



## બેગોમાં લઈ જવામાં આવતી વસ્તુઓનું રીસાઈક્લિંગ કરવાની નવી પદ્ધતિ

### સ. અમે આ શા માટે કરીએ છીએ?

જ. ગ્રાહકોના પ્રતિસાદોને ધ્યાનમાં રાખીને કાઉન્સિલે નવા કોન્ટ્રાક્ટની કબૂલાત કરી છે જેમાં અમે બેગોમાં લઈ જવામાં આવતી રીસાઈકલ થતી બધી જ વસ્તુઓનો સ્વીકાર ફક્ત એક જ જાંબુડિયા રંગની બેગમાં કરશું. આમ કરવાથી રીસાઈકલ કરવું સહેલું પડશે, વાતાવરણને મદદ થશે અને ઓછી બેગોના ઉપયોગ દ્વારા આ સેવા વધુ અસરકારક થશે.

### સ. રીસાઈકલ કરવા માટે શું હું લીલી અને લાલ બેગોનો ઉપયોગ ચાલુ રાખી શકું છું?

જ. હા, રીસાઈક્લિંગ કરવા માટે તમારી પાસે વધેલી લાલ અને લીલી બેગો ખલાસ ના થાય ત્યાં સુધી તેનો ઉપયોગ કરવાનું ચાલુ રાખી શકો છો, પરંતુ હવે પછી તમારે બધી વસ્તુઓ જુદી પાડવાની જરૂર નથી. હવે પછીના થોડા અઠવાડિયા દરમ્યાન અમે જાંબુડિયા રંગની બેગો પહોંચાડવાનું ચાલુ કરીશું, પરંતુ બધી જ પ્રોપર્ટીઓમાં આ બેગો પહોંચાડવામાં આશરે છ મહિનાનો સમય લાગશે.

### સ. બેગોમાં લઈ જવામાં આવતી રીસાઈકલ થતી વસ્તુઓને જુદી પાડવાનું અમે ક્યારે બંધ કરી શકીએ?

જ. 1લી ઓગસ્ટથી તમે બેગોમાં લઈ જવામાં આવતી રીસાઈકલ થતી વસ્તુઓને લાલ અને લીલી બેગો વચ્ચે જુદી પાડતા હતા તેમ કરવાની જરૂર નથી.

### સ. ગ્રીન (લીલા) બોક્સના ઉપયોગમાં શું કોઈ ફેરફાર થયા છે?

જ. **ના, કાચની બોટલો અને બરણીઓ અને પ્લાસ્ટિક બેગમાં મૂકેલા કપડાં (કાપડ વગેરે)ને રીસાઈકલ કરવા માટે ગ્રીન બોક્સમાં મૂકવાનું ચાલુ રાખશો.**



આ ફેરફાર વિશે તમારા કોઈ પ્રશ્નો હોય અથવા શું રીસાઈકલ કરવું તેની યાદી જોઈતી હોય અથવા તો વધુ બેગો જોઈતી હોય તો કૃપા કરી આ પાનાંની ઉપર જણાવેલ સંપર્ક માટેની વિગતોનો ઉપયોગ કરી અમારો સંપર્ક કરશો.

REF BC 09 1